# ડીસાનાં ગવાડી ખાતે રહેતા ત્રણ વહેપારીઓનું અપહરણ

## સિદ્ધપુર પાસે ફિલ્મી સ્ટાઈલે ત્રણને માર મારી ૬૦,૦૦૦ની લુંટ બાદ ખંડણી માંગતા ફરિયાદ

ડીસા, તા.૨૧

ડીસાનાં ગવાડી ખાતે રહેતા ત્રણ વહેપારીઓ કામકાજ અર્થે ડીસાથી નંદાસણ ગયા હતા જે બાદ પરત ફરતા હતા ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ સિદ્ધપુરનાં કાકોશી ચાર રસ્તા પાસે તેમની કાર અટકાવી હતી અને ત્રણ વહેપારીઓને માર મારી બળજબરી તેમની સાથેના વાહનોમાં બેસાડી તમામને અપહરણના ઈરાદે લઈ રવાના થયા હતા. અને વહેપારીઓની કારનાં કાચ તોડી એક વહેપારીને માર મારી મરી ગયેલ સમજી રસ્તામાં ફેંકી દઈ ભાગી આવ્યા હતા. ઘાયલ વહેપારીને અમદાવાદની સાલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ મામલે સિદ્ધપુર પોલીસે અપહરણકારો વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. જેનાથી ઉત્તર ગુજરાતમાં સનસનાટી ફેલાઈ છે.

આ ઘટનાની વગતો જોઈએ તો ગત મોડી રાત્રે ડીસાથી ગવાડી વિસ્તારમાં રહેતા શાહબુદીન નુરમહંમદ શેખ, સદીકભાઈ અબ્લુદલ સમદ શેખ અને ઈરફાન મહેમુદ શેખ નામના ત્રણ વહેપારીઓ રૂપિયા સાઈઠ હજાર ધંધા અર્થે લઈ નંદાસણ જવા રવાના થયા હતા. જે બાદ તેઓ પરત ફર્યા હતા. જો કે તેમની કોઈ અંગત અદાવતે રાહ જોઈ કેટલાક અસામાજિક તત્વો સિદ્ધપુર કાકોશી ચાર રસ્તા પાસે ઘાત લગાવી બેઠા હતા અને આ હુમલાખોરોએ તેમને અટકાવ્યા હતા અને રૂપિયા ૬૦,૦૦૦ની ખંડણી માંગી હતી તે બાદની તકરારમાં હુમલાખોરોએ વહેપારીઓની ગાડીના કોચ તોડી ખુરદો બોલાવ્યો હતો અને બળજબરીએ હુમલાખોર ત્રણ વહેપારીઓનું અપહરણ કર્યું હતું. જેમાં શાહબુદીન નુરમહંમદ શેખને માર મારી મરી ગયેલો સમજી ચાલતી ગાડીમાંથી બહાર ફેંકી દીધી હતો. જયારે બીજી તરફ આ ઘટનાની જાણ થતા ડીસાથી આ વહેપારીના પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ઘાયલ શાહબુદીન નુરમહંમદ શેખને પ્રથમ વાડીલાલ હોસ્પિટલ અમદાવાદ અને બાદ સાલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડેલ છે. ઘાયલ શાહબુદીન શેખને માથામાં ગોળી વાગેલ છે અને તેની હાલત સ્થિર છે. જયારે બીજી તરફ હુમલાખોરોના કબજામાંથી ખંડણીની રકમ આપી કે અન્ય કોઈ રીતે અન્ય બે વહેપારી સદીકભાઈ અબ્દુલ સમદ શેખ અને ઈરફાન મહેમુદ શેખ છૂટવામાં સફળ થયા હતા તેઓએ ડીસા પહોંચી ડીસાની સરકારી હોસ્પિટલમાં ડૉ. ખાન પાસે સારવાર લીધી હતી. તેમને પણ હુમલાખોરોએ માર મારતા ઈજાઓ થયેલ છે. આ સમગ્ર મામલામાં ખુલ્લેઆમ લુખ્ખાગીરી પર ઉતરી આવલા ઈસમો સંભવિત રીતે પોરીયા ગેંગના ફોલ્ડરીયા હોવાના પણ ચોંકાવનારા અહેવાલો મળતા પોલીસ આ મામલે દોડતી થઈ ગઈ છે. અને સમગ્ર મામલાની સિદ્ધપુર પીએસઆઈ બી.એમ. ચૌધરીએ તપાસ હાથ ધરેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

લોકસભા ચુંટણી ૨૦૧૪ માં ફરજ બજાવનાર કોઈપણ કર્મચારી મતદાનથી વંચિત ન રહે તે માટે ચુંટણીપંચ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરવાનું આયોજન કરાયું છે. જેમાં સોમવારે ડી મામલતદાર કચેરી ખાતે પોલીસ-હોમગાર્ડઝ જવાનોએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી પોતાની ફરજ અદા કરી હતી. જેમાં હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના જવાનોએ ૧૦૦ ટકા મતદાન કર્યું હતું. લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૧૪ માં ચુંટણીપંચ દ્વારા મતદાનની ટકાવારી વધે અને એક પણ મતદાર મતદાનથી વંચિત ન રહી જાય તે માટેની તકેદારી રાખવામાં આવી રહી છે. જેમાંય ખાસ કરીને ચુંટણીપંચ દ્વારા ચુંટણી ફરજમાં જોડાનાર પોલીસ, હોમગાર્ડઝ, ગ્રામ રક્ષકદળ, શિક્ષક તેમજ અન્ય કર્મચારીઓ ચુંટણી ફરજ દરમિયાન પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પોસ્ટલ બેલેટ મતદાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોમવારે ડીસા મામલતદાર કચેરી ખાતે ડીસાના પ્રાંત અધિકારી ડૉ.દિગંત બ્રહ્મભટ્ટ અને મામલતદાર શિવરાજ ગિલવાની ઉપસ્થિતિમાં પોલીસ અને હોમગાર્ડઝના જવાનોનું પોસ્ટલ બેલેટ મતદાન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ અને હોમગાર્ડઝના જવાનોએ ભારે ઉત્સાહભેર મતદાન કરી પોતાની ફરજ અદા કરી હતી. આ પ્રસંગે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાનડીંગ એ.એફ. આલની આગેવાનીમાં હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના તમામે તમામ જવાનોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

## નરેન્દ્ર મોદી પોતાને ઓબીસી ગણાવી દેશની પ્રજાને ઉલ્લુ બનાવે છે

### મોદી જ્ઞાતિ હિન્દુ સમુદાયની ઉજળીયાત વણિક કોમ ગણાય છે તેથી ઓબીસીમાં સમાવેશ કરાયો નથી : જનતા દળ(યુ)

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત પ્રદેશ જનતા દળ(યુ) દ્વારા ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર ઓબીસી પછાતવર્ગના ના હોવા છતાં દેશની સવાસો કરોડ પ્રજાને મોદી ઓબીસી હોવાની ઓળખ આપી છેતરી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. મોદી જ્ઞાતિ બહુધા હિન્દુ સમાજની એક ઉજળીયાત વાણીયા જ્ઞાતિ હોવાથી તેનો ઓબીસીમાં સમાવેશ કરાયો નથી તેવા આધાર સાથે જનતાદળ(યુ)ના ગુજરાત પ્રદેશ દ્વારા નરેન્દ્ર મોદી પર દેશની પ્રજાને ઉલ્લુ બનાવી રહ્યા હોવાનો દાવો કરાયો છે.

જનતાદળ (યુનાઈટેડ)ના ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ ગોવિંદભાઈ જાધવે એક અખબારી યાદી દ્વારા આ બાબતના સમર્થનમાં કેટલીક દલીલો પણ રજુ કરવામાં આવી છે. તેમના મતે ૧૯૭૫માં ગુજરાતમાં જનમોરચા સરકારમાં બાબુભાઈ જશભાઈ પટેલના સાશન દરમ્યાન રચાયેલા બક્ષીપંચમાં મોદી જ્ઞાતિનો વૈષ્ણવ-વણિકની ઓળખ આપવામાં આવી હતી. તેમજ આ જ્ઞાતિને ઓબીસીમાં સમાવવા કોઈ રજૂઆત કરાઈ નથી. તેમના મતે મોદી જ્ઞાતિ બહુધા હિન્દુ સમુદાયની એક ઉજળીયાત વાણીયા જ્ઞાતિ ગણાય છે. તેથી ઓબીસીમાં હોવાનો પ્રશ્ન જ નથી. ત્યારબાદ ૧૯૮૦માં માધવસિંહ સોલંકીના શાસન દરમ્યાન નિમાયેલ 'રાણેપંચ' સમક્ષ પણ મોદી જ્ઞાતિએ પક્ષીપંચે ભલામણ કરેલ ઓબીસીની ૮૨ જ્ઞાતિઓની યાદીમાં સમાવેશ કરવા રજૂઆત કરેલ નથી. આ દરમ્યાન 'ઘાંચી'ને તેલી જ્ઞાતિની અલગ જ્ઞાતિ તરીકે સમાવેશ કરેલ છે. પરંતુ તેમાં મોદી જ્ઞાતિનો અપડેટ ઓબીસી યાદીમાં સમાવેશ થયેલ નથી.

ઉપરોક્ત આધારે જનતા દળ (યુ) એ નરેન્દ્ર મોદી અનેક વખતે આધાર વિનાના અને બીનગંભીર દાવાઓ કરતાં લોકો સમક્ષ ઉઘાડા પડતા રહ્યા છે અને તે મુજબ જ દેશની સવાસો કરોડની પ્રજા સમક્ષ ઉત્તર-પૂર્વના રાજ્યોમાં મોદી પોતે આદિવાસી એસ.ટી. હોવાનો અને મધ્ય ભારતમાં પણ મોદી પોતે ઓબીસી પછાત હોવાનો અને દક્ષિણ ભારતમાં તો 'મોદી' પોતે પછાત એસ.સી. હોવાના જુઠ્ઠા દાવાઓ કરી પ્રજાનો વિશ્વાસ ભંગ તથા દ્રોહ કરી રહ્યા છે તેવો આક્ષેપ કર્યો છે.

## નવી શિણોલ ખાતે ભાગવત સપ્તાહનો આરંભ

ધનસુરા, તા. ૨૧

તાલુકાના નવી શિણોલ ગામે આજથી ભાગવત સપ્તાહનો આરંભ થઈ ચુક્યો છે. તા. ૨૧ એપ્રિલથી તા. ૨૭ એપ્રિલ સુધી શૈલેષ ગોરની વ્યાસપીઠે યોજાશે. કમલેશ્વર મહાદેવ ખાતે રોજ રાત્રે ૯ કલાકે તથા યોજાશે. તેમજ કથામાં ધનસુરા સુંદરકાંડ પરીવાર દ્વારા સુંદરકાંડ પણ યોજવામાં આવશે. ધનસુરા પંથકની ધર્મપ્રેમી જનતાને કથાનો લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.




(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસા મામલતદાર કેમ્પસમાં પીવાના પાણીની પરબ મુકાઈ

ડીસા પંથકમાં ઉનાળાની શરૂઆત થતા ઠેરઠેર ઠંડા પીણીની લારીઓ તેમજ શેરડીના કોલાઓ ધમધમી ઉઠ્યા છે. ત્યારે ડીસામાં ઠેરઠેર વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા પાણીની પરબો તેમજ મીનરલ વોટરની પરબો મુકવામાં આવી છે. જ્યારે ડીસા મામલતદાર કેમ્પસમાં કામ અર્થે આવતા લોકો માટે તાલુકા પંચાયત ઈન્ચા. ટી.ડી.ઓ સી.પી.ડગલા દ્વારા આ પાણીની પરબ ખુલ્લી મુકાઈ હતી.

**વડીલોને વંદન**

**અભિનંદન**




લક્ષ્મીચંદ ત્રિકમદાસ બોરા
(૧૯૩૫) ફોન: ૨૩૨૧૦૫૨૮

## તોફાની વરસાદના લીધે ચિલોડા વિસ્તારમાં ખેતપાકોને વ્યાપક નુકશાન

### આંબાવાડીયા ઉજ્જડ બન્યા : જુવાર-બાજરીનો લહેરાતો પાક પણ વાવાઝોડાની લપેટમાં

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે મોડી સાંજે ખાબકેલા તોફાની વરસાદને લીધે ચિલોડા-ડભોડા મગોડી અને પ્રાંતિયા વિસ્તારમાં ખેત પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થતાં ખેડૂતો દયાજક સ્થિતિમાં મુકાઈ ગયાં છે. વરસાદ અને વાવાઝોડાને લીધે વૃક્ષો અને વીજથાંભલા ધરાશાયી થતાં જનજીવન પર વિપરીત અસર થઈ હતી. ચિલોડા, ડભોડા, મગોડી, પ્રાંતિયા, યાદવનગર અને રામનગર



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)


ખોટુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ઘઉંના પાકની લણણી બાદ કપાસ માટે પાણીની અનિવાર્યતા હોવાથી આ વરસાદી પાણી કેટલા ખેડૂતો માટે ફાયદારૂપ નીવડ્યુ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જ્યારે ચિલોડા પાલજ વિસ્તારમાં સ્થિત આંબાવાડિયામાં ભારે પવનને લીધે આંબા પરથી કેરીઓ ખરી પડતાં ખેડૂતોમાં નારાજગી વ્યાપી છે. ખેડૂતોની સાથે આ વરસાદી વાવાઝોડુ સ્થાનિક ગ્રામજનો માટે આફતરૂપ બન્યું હતું. કેટલાક કાચા મકાનોના છાપરાં ઉડી જતાં શ્રમજીવીઓની હાલત કફોડી બની હતી. બીજી તરફ વરસાદી



આ વિસ્તારમાં લહેરાતા જુવાર-બાજરી અને કેરીના પાકને ભારે નુકસાન થયું છે. તોફાની વરસાદ દરમ્યાન પ્રાંતિયામાં વૃક્ષ પડવાને લીધે બે ભેંસનું મોત પણ નીપજ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે બપોર બાદ વાતાવરણમાં અચાનક નાટ્યાત્મક પલટો આવ્યો હતો. સાંજના સમયે આકાશમાં ગોરંભાયેલા વાદળો ધોધમાર વરસી પડ્યા હતા. વાવાઝોડા સાથે ખાબકેલા તોફાની વરસાદને લીધે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશયી થઈ ગયા હતા. જ્યારે ચૂંટણી પ્રચારના પોસ્ટરો તેમજ હોર્ડીંગ્સ ઉપરાંત લગ્ન મંડપના સામિયાણા પણ વાવાઝોડાની લપેટમાં આવી ગયા હતા. તોફાની વરસાદ અને વાવાઝોડાને લીધે વિસ્તારમાં સુસવાટા મારતા પવનની સાથે ભારે વરસાદ થતાં ખેત-પાકોને નુકશાન થયું હતું. ખેતરોમાં લહેરાતાં જુવાર-બાજરીનો પાક વાવાઝોડા અને વરસાદની લપેટમાં આવતા ખેડૂતોને આંધીને લીધે લગ્નસરાના મંડપો તુટી પડતાં આયોજકો મુંઝવણમાં મુકાયા હતા. જેના પરિણામે લગ્નના ભોજન સમારંભોનું સ્થળ બદલવાની ભારે જહેમત ઉઠાવવાનો વારો આવ્યો હતો.

## શબ્દાવલી - ૫૩૭૪



**આડી ચાવી**

૧. ગૃહકાર્ય (૪)
૪. બીક, ડર (૩)
૭. રટ, લગની (૩)
૮. પરંતુ (૨)
૯. મોટેથી સંબોધન, આહ્વાન (૪)
૧૦. પ્લેટ, તાસક (૩)
૧૨. બાળક જેવું નાદાન, હઠીલું (૫)
૧૬. એક રૂપિયાને પચ્ચીસ પૈસા એટલે... રૂપિયો કહેવાય (૨)
૧૭. અઘરૂં, મુશ્કેલ (૩)
૧૮. અસલ, મુળ દા.ત... ભાષા (૪)

**ઊભી ચાવી**

૧. વૃદ્ધાવસ્થા, વૃદ્ધત્વ (૪)
૨. મહાકાલિ, એક દેવી (૩)
૩. એક જળચળ હિંસક (૩)
૫. ચણાના લોટનું એક રસાદાર શાક (૩)
૬. પટેલ, એ જ્ઞાતિનો માણસ (૩)
૧૦. તબબતર, રસથી તર થયેલ (૬)
૧૧. સુંદર, ડાબું, પ્રતિકૂળ (૨)
૧૨. છાલક (૨)
૧૩. ગભરામણ, રઘવાટ (૩)
૧૪. સાતફેરા, લગ્નપ્રસંગે (૪)
૧૫. ભવિષ્ય (૨)
૧૬. કસમ, સોગન (૨)

### શબ્દાવલી ૫૩૭૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) જોમ (૩) બાવરચી (૭) ડીમલાઇટ (૮) લપ (૧૦) તલાક (૧૧) સાઝલી (૧૩) આવડત (૧૪) રસ (૧૬) જરા (૧૭) તમસ (૧૮) મન (૨૧) ચૂઝ (૨૨) મદાર (૨૩) કણકી (૨૪) ઇકરાર

**ઊભી ચાવી :-** (૧) જોડી (૨) મમત (૩) બાઇક (૪) વટ (૫) ચીલઝડપે (૭) લાલાશ (૯) પલીત (૧૧) સાવ (૧૨) શરતચૂક (૧૩) આરામદાઇ (૧૫) સમઝણ (૧૯) નરક (૨૦) પાવર

## પરીક્ષાઓનું પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સી.ડી.નુ પણ નિરિક્ષણ કરવામાં આવી રહ્યું છે. શિક્ષણ બોર્ડના ચેરમેન શ્રી વરસાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતં કે રાજયની ૨૯.૭૭ ટકા શાળાઓમાંથી સી.સી. ટી.વી. કેમેરાના આધારે સી.ડી. તૈયાર કરાઈ હતી. જેના આધારે હાલ બોર્ડ કક્ષાએ આ સી.ડી.નુ નિરિક્ષણ હાથ ધરવા ટીમ કામે લગાડવામાં આવી છે. આ દરમિયાન કોઈ ગેરરીતીનો કીસ્સો માલુમ પડશે તો જવાબદાર સામે પગલા લેવાશે.

## બ્લુ સ્ટાર ગ્રીન પ્લેટફોર્મ પર ઈન્વર્ટર સ્પ્લિટ એસીની નવી શ્રેણીનો શુભારંભ કરે છે, જે પ્રીમીયમ માર્કેટમાંના મુખ્ય માર્કેટ શેર પર લક્ષ્ય સાધે છે

એર કન્ડિશનિંગ અને કમર્શિયલ રેફ્રિજરેશનમાં અગ્રાણી, બ્લુ સ્ટાર લિમિટેડ રહેવાસી ક્ષેત્ર માટે ઉચ્ચપણે વિચક્ષણ અને પર્યાવરણને અનુકૂળ ઈન્વર્ટર સ્પ્લિટ એરકન્ડિશનર્સની નવી શ્રેણીનો શુભારંભ કરે છે. આ એરકન્ડિશનર્સમાં સમકાલીન ખૂબીઓ અને અદ્યતન ટેકનોલોજી ઉપરાંત ઉચ્ચ ઊર્જા સક્ષમતા છે જેના પરિણામે પાવરમાં મહત્વપૂર્ણ બચત થાય છે. બ્લુ સ્ટાર નિપૂર્ણતાપૂર્ણ કૂલિંગ નિરાકરણો પ્રદાન કરવામાં કેટલાય દાયકાઓનો અનુભવ ધરાવે છે, વળી કોર્પોરેટમાં અને ઑફિ, રેસ્ટોરન્ટસ, શોરૂમ્સ, બુટિકસ અને એટીએમ જેવાં વ્યાવસાયિક ક્ષેત્રોમાં પરંપરાગતપણે સુદઢતા ધરાવે છે. ત્રણ વર્ષ પહેલાં નિવાસી ક્ષેત્રની માવજત કરવા રિટેલ ચૅનલોમાં કંપનીએ અચાનક પ્રવેશ કર્યો અને એના માર્કેટીંગ મિકસમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા. આ પગલાને ભવ્ય સફળતા મળી અને બ્લુ સ્ટારના એરકન્ડિશનર્સના વેચાણમાં ગણનાપાત્ર વૃદ્ધિ થઈ, વરસોવરસ બજારમાં અજોડ કામગીરી કરી. હકીકતમાં, વર્તમાન વરસમાં, એના સમગ્રતયા એરકન્ડિશનના વેચાણમાંથી અડધા ઉપરાંતનું યોગદાન હવે રહેવાસી ક્ષેત્ર( રેસિડન્સ સેગ્મેન્ટ) આપે છે જે લાજવાબ પ્રતિસાદ દર્શાવે છે જે કંપનીને હોમ સેગ્મેન્ટમાંથી મળ્યો છે.

## ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પદે નરેન્દ્ર મોદી સિવાય તેમને બીજો કોઈ વિકલ્પ યોગ્ય જણાતો નથી. નરેન્દ્ર મોદી પાસે સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ પાસેથી શ્રેષ્ઠ કાર્ય કરાવવાની આવડત છે અને તેઓ આ જ માળખા દ્વારા ગુજરાતની જેમ દેશની સરકારી કાર્યપ્રણાલીમાં ધરખમ સુધારો લાવી શકે છે. તેમના મતે આયાતી ઉમેદવારો ઉભો રાખવો એ યોગ્ય બાબત તો નથી જ. અહીં અડવાણી પાંચ વર્ષમાં ફરી ક્યારેય ડોકાયા નથી. જો કે આયાતી ઉમેદવાર જો લોકસંપર્ક માટે પોતાનું કાર્યાલય કે અન્ય વ્યવસ્થા કરી સમયાંતરે લોકોની વાત સાંભળવા અને સમસ્યાઓ ઉકેલવા સમય ફાળવે તો આયાતી ઉમેદવાર સામે વાંધો ના હોઈ શકે. સેક્ટર-૮માં રહેતા હિદાયત પઠાણને કાયદો અને વ્યવસ્થાની બાબત સ્થાનિક લેવલે સૌથી અગત્યનો મુદ્દો જણાય છે. તેઓ પ્રજાની સુરક્ષાને મુખ્ય જરૂરિયાત ગણાવે છે. આ ઉપરાંત તેમનુ એ પણ માનવું છે કે દેશમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે. જેનાકારણે કેન્દ્ર સરકારની યોજનાઓ કાગળ પર જ રહી જાય છે અને લોકો સુધી પહોંચતી નથી.

સેક્ટર-૫-બીમાં રહેતા વધુ એક યુવા મતદાતા ઝહીર અબ્બાસ શેખને ભ્રષ્ટાચારની સાથે દેશભરમાં વિજળી, રોજગારીની અછત અને વિકાસનું કેન્દ્રીકરણ મુખ્ય સમસ્યારૂપે દેખાય છે. તેઓ ઈચ્છે છે કે દેશમાં વિકાસ અમુક નહી પરંતુ દરેક રાજયોનો થવો જોઈએ અને ખાનગીકરણમાં વિકાસના મુદ્દાને પ્રાધાન્ય આપવું જોઈએ. તેઓ માને છે કે દેશમાં કાયદાનુ માળખુ સુધારવાની તાતી જરૂરિયાત છે અને દેશની બાહ્ય ઉપરાંત આંતરિક સુરક્ષા ખૂબ જ અગત્યની છે. ઝહીર માને છે કે કાળુ નાણું જે વિદેશી બેંકોમાં છે તેને તો હવે કોઈ જ લાવી શકે તેમ નથી લાગતુ પરંતુ હવે દેશમાં ભ્રષ્ટાચાર પર અંકુશ મુકાશે તો વધુ કાળુ નાણું સર્જાતા અટકાવી શકાશે. એક મોટી વિખ્યાત ફાઈનાન્સ કંપનીમાં લોન વિતરણ ક્ષેત્રે કાર્યરત ઝહીર અબ્બાસ મહિલાઓની સુરક્ષા અંગે કડક પગલા લેવાય તેના હિમાયતી છે અને તેઓ દરેક રાજ્યમાં રોજગારીની સમાન તકો વિકસે તેમજ દેશમાં સ્વચ્છતા અંગે સભાનતા કેળવાય તે ખૂબ જરૂરી માને છે. આ માટે કચરાના નિકાલ અંગે યોગ્ય વ્યવસ્થા ગોઠવાવી જોઈએ અને મારો દેશ પણ સ્વચ્છ દેખાય તેવુ હું ઈચ્છુ છુ તેવી કેફિયત રજૂ કરી હતી. ઝહીર અબ્બાસ પક્ષની વિચારધારાને મહત્વ આપે છે અને તેઓ રાહુલ ગાંધી દેશના વડાપ્રધાન બને તેવુ ઈચ્છે છે.

આ યુવા મતદારોના વિચાર જાણ્યા પછી એક વાત ચોક્કસ જણાઈ આવે છે કે હવેના સમયમાં મતદાર લઘુમતી કોમનો હોય કે અન્ય કોઈ ઓળખ ધરાવતો હોય, તે હવે કોઈ એક પક્ષનો ઈજારો બની રહેવા માંગતો નથી.

## આર્થિક રીતે સંવેદનશીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટેની તૈયારીઓ અંગે સમીક્ષા માટે આવેલ પંચે આજે સાંજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તંત્ર દ્વારા તૈયારીઓ લગભગ સંપન્ન થઈ ચુકી છે.

આદર્શ આચાર સંહિતાનો અમલ અસરકારક રીતે થાય તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટો અને જિલ્લા પોલીસ વડાઓને સ્પષ્ટ જણાવી દીધું છે. તેમણે જણાવ્યું કે દિલ્હીની સૂચનાઓની રાહ જોયા વિના જયાં જરુરી જણાય ત્યાં વિવેકબુધ્ધિથી નિર્ણય લઈ આગળ વધે. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે પંચ નિષ્પક્ષ અને ન્યાયીક વાતાવરણમાં ચૂંટણીનું મતદાન થાય તે સ્પષ્ટ રીતે માને છે.

શ્રી સંપટે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૪૩ વિધાનસભાઓ આર્થિક રીતે સંવેદનશીલ જણાયેલ છે. આ રાજયમાં ૩૧ ખર્ચ નિરીક્ષકોની નિમણુંક પંચે કરી છે. ખર્ચ વ્યવસ્થાપન માટે ફલાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટીક સર્વેલન્સની ટીમો કાર્યરત થઈ ચુકી છે. તેમણે જણાવ્યું હતું કે રાજયમાં અત્યાર સુધીમાં બે કરોડથી વધુની રોકડ રકમ ફલાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટીંક સર્વેલન્સની ટીમો દ્વારા પકડી પાડવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે આજે રાજકીય પક્ષો સાથે યોજાયેલી બેઠકમાં કેટલીક ફરિયાદો મળી છે. ખાસ કરીને ખર્ચને લઈ આ ફરિયાદો મળી છે. એક કિસ્સામાં નિરીક્ષકો પાર્ટીનો ખર્ચ ઉમેદવારના ખર્ચ કરીકે આકાર્યો હોવાની રજુઆત થઈ છે. આ કેસમાં તપાસ કરી અહેવાલ આપવા નિરીક્ષકને જણાવવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે ખર્ચ વ્યવસ્થાપન અંગે અગાઉ પક્ષો સાથે બેઠક કરી હતી તેમજ તે અંગે વર્કશોપ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે ખર્ચ નિયંત્રણને લાવવા માટે પંચ આ વખતે વધુ મકકમ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે રાજયની ૨૬ બેઠકો માટે ૪ કરોડથી વધુ નોંધાયેલા મતદારો છે. આ વખતે પંચે મતદાનના સમયમાં બે કલાકનો વધારો કર્યો છે. સાંજે મતદાન પૂર્ણ થવાની દસ મિનિટ પૂર્વે જેટલા મતદારોની લાઈન હશે તે બધાને મતદાન અધિકારીની સહિ સાથેની ચીઠ્ઠી અપાશે અને છેલ્લામાં છેલ્લા મતદારને પણ મતની તક આપવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરમાં વી.વી. પેટનો ઉપયોગ પ્રયોગાત્મક રીતે કરવામાં આવનાર છે. ગુજરાતમાં મતદાન શાંતિપૂર્ણ રીતે થાય તે માટે વનરેબલ વિસ્તારોને ઓળખી કાઢવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં રહેતા મતદારોને પુરું રક્ષણ મળી રહે તે જોવા પોલીસ અધિકારીઓને જણાવવામાં આવ્યું છે. સેકટરલ ઓફિસરો પણ આવા વિસ્તારોની મુલાકાત લઈ મતદારોનો વિશ્વાસ બની રહે તેવો સંપૂર્ણ પ્રયાસ કરશે.

રાજયમાં ૪૭૦ મતદાન મથકોને મોડેલ મતદાન મથક બનાવવાનો નિર્ણય પંચે કર્યો છે. આ મોડેલ મતદાન મથકોમાં જરુરી તમામ સામાન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. તેમણે જણાવ્યું હતું કે આ માટે જરૂર પડયે નાણાંકીય ભંડોલ ફાળવવા માટે પણ મુખ્ય સચિવશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ચૂંટણી જાહેર થઈ ત્યારથી અત્યાર સુધીમાં રૂ. ૪.૫૭ કરોડનો દારુ પકડવામાં આવ્યો છે. કાયદાની જુદી જુદી જોગવાઈઓ મુજબના જરુરી પગલાંઓ લોકોનો લોકશાહીમાં વિશ્વાસ મજબુત બને તે માટે લેવામાં આવ્યા છે.

શ્રી સંપટે જણાવ્યું હતું કે સોશ્યલ મિડિયામાં આવતી જાહેરાતોને પણ ઈલેકટ્રોનીક મિડિયાની જેમ જ ખર્ચમાં ઉધારવામાં આવશે.